# 3 સ્વામી વિવેકાનંદ

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ કેશવ શું જિદ કરી રહ્યો હતો ?**

જ.૧ કેશવ વાર્તા સાંભળવાની જિદ્દ કરી રહ્યો હતો.

**પ્ર.૨ શિક્ષકના પ્રશ્નોના ઉત્તર કોણે આપ્યા ?**

જ.૨ નરેન્દ્રએ શિક્ષકના પ્રશ્નોના ઉત્તર આપ્યા.

**પ્ર.૩ નરેન્દ્રને વિવેકાનંદ નામ કોણે આપ્યું હતું ?**

જ.૩ નરેન્દ્રને વિવેકાનંદ નામ તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસે આપ્યું હતું.

**પ્ર.૪ સ્વામી વિવેકાનંદે ભારતનું માન કેવી રીતે વધાર્યું ?**

**જ.૪ પોતાના કાર્યો અને વિચારોથી સ્વામી વિવેકાનંદ ભારતનું માન વધાર્યું.**

### લિખિત

૧. **પ્ર.૧ વિદ્યાર્થીઓને શા માટે શિક્ષા કરવામાં આવી ?**

જ.૧ શિક્ષક વર્ગમાં અધ્યયન કરાવી રહ્યા હતા અને વિદ્યાર્થીઓ વાતો કરી રહ્યા હતા. અધ્યાપકે તેમને પ્રશ્નો પૂછ્યા જેનો ઉત્તર તેઓ ન આપી શકતાં શિક્ષા કરવામાં આવી.

**પ્ર.૨ સ્વામી વિવેકાનંદનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો ?**

જ.૨ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કોલકાતામાં તેમનો જન્મ થયો હતો.

**પ્ર.૩ શિકાગોની સભામાં તાળીઓ શા માટે ગુંજી ઊઠી ?**

જ.૩ સ્વામી વિવેકાનંદનું સંબોધન ભાઈઓ અને બહેનો સાંભળીને શિકાગોની સભામાં તાળીઓ ગુંજી ઉઠી.

**પ્ર.૪ સફળતા ક્યારે મળે છે ?**

જ.૪ પોતાનું સંપૂર્ણ ધ્યાન કામ પર લગાવવાથી સફળતા મળે છે.

**પ્ર.૫ નીચે દર્શાવાયેલ વાક્યોને પાઠમાં અપાયેલ ઘટનાક્રમ મુજબ ગોઠવો. (ઉદાહરણ પ્રમાણે બીજા વાક્યોને ક્રમ આપો.)**

૧. શિક્ષકે બધાને પ્રશ્નો પૂછ્યા. ···૩···

૨. કેશવ નામના વિદ્યાર્થીએ વાર્તા સાંભળવાની હઠ કરી. ···૧···

૩. કેટલાક યુવાનો કાચલાની છાલ પર નિશાન તાકી રહ્યા હતા. ···૫···

૪. સ્વામી વિવેકાનંદે શિકાગોમાં વક્તવ્ય આપ્યું. ···૪···

૫. તેમનો સંદેશ હતો, ''ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.'' ···૬···

૬. સહપાઠીઓ વાર્તા સાંભળવામાં મશગૂલ થઈ ગયા. ···૨···

**૨. નીચે દર્શાવાયેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાં ✓ ની નિશાની કરો.**

**૧. સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ હતું.**

☑ નરેન્દ્ર ☐ વિવેક ☐ આનંદ ☐ કેશવ

**૨. નરેન્દ્ર પર વિશેષ પ્રભાવ રહ્યો.**

☐ પિતાશ્રીનો ☑ માતાશ્રીનો ☐ મિત્રનો ☐ ગુરૂજીનો

**૩. તેમણે વક્તવ્ય આપ્યું.**

☐ ન્યૂયોર્કમાં ☐ દિલ્હીમાં ☑ શિકાગોમાં ☐ ડેન્માર્કમાં

## મૂલ્યવર્ધક પ્રશ્ન.

જ. જીવનમાં સફળ બનવા માટે ઈમાનદારી, સચ્ચાઈ, પરિશ્રમ, એકાગ્રતા વગેરે ગુણ આવશ્યક છે. આ ગુણો વ્યક્તિને સફળતા અપાવવાની સાથે મહાન બનાવે છે. સદાચારી અને ગુણી વ્યક્તિ સ્વસ્થ સમાજ અને ઉન્નત દેશનું નિર્માણ કરે છે.

## ભાષાજ્ઞાન

**૧. સમજો અને લખો.**

આવવા + વાળા = ···આવવા વાળા···

બહુ + મુખી = ···બહુમુખી···

બોલવા + વાળા = ···બોલવાવાળા···

બુદ્ધિ + હીન = ···બુદ્ધિહીન···

દેશ + ભક્ત = ···દેશભક્ત··· | ન્યાય + પ્રિય = ···ન્યાયપ્રિય···

૨. **નીચે દર્શાવાયેલ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

| | | |
|---|---|---|
| વિદેશ × ···સ્વદેશ··· | ધર્મ × ···અધર્મ··· | સફળ × ···અસફળ··· |
| પ્રશ્ન × ···ઉત્તર··· | વક્તા × ···શ્રોતા··· | દેશભક્ત × ···દેશદ્રોહી··· |

૩. **ઉદાહરણ પ્રમાણે વર્ણ-વિચ્છેદ કરો.**

યાચક = ··ય·· + ··આ·· + ··ચ·· + ··ક··

પ્રતિભા = ··પ્ર·· + ··ર·· + ··અ·· + ··ત્·· + ··ઈ·· + ··ભ્·· + ··આ··

કુશાગ્ર = ··ક્·· + ··ઉ·· + ··શ્·· + ··આ·· + ··ગ્·· + ··ર·· + ··અ··

શ્રોતા = ··શ્·· + ··ર·· + ··ઓ·· + ··ત્·· + ··આ··

૪. **નીચે દર્શાવાયેલ વાક્યોમાંથી નામ અને સર્વનામ અલગ કરીને રિક્ત સ્થાનોની પૂર્તિ કરો.**

| | | સંજ્ઞા | સર્વનામ |
|---|---|---|---|
| ૧. | તેઓ અમેરિકા ગયા. | ···અમેરિકા··· | ···તેઓ··· |
| ૨. | હું વાર્તા સંભળાવી રહ્યો હતો. | ···વાર્તા··· | ···હું··· |
| ૩. | તેને સંદેશ મળ્યો. | ···સંદેશ··· | ···તેને··· |
| ૪. | તેમણે વિશ્વનું ભ્રમણ કર્યું. | ···વિશ્વ··· | ···તેમણે··· |

૫. **નીચે દર્શાવાયેલ શબ્દોનું લિંગ પરિવર્તન કરો.**

| | | |
|---|---|---|
| શિક્ષક = ···શિક્ષિકા··· | સહપાઠી = ···સહપાઠી··· | અધ્યાપક = ···અધ્યાપિકા··· |
| લેખક = ···લેખિકા··· | છોકરો = ···છોકરી··· | બાળક = ···બાળકી··· |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. વિદ્યાર્થીઓ ઈન્ટરનેટના માધ્યમથી સ્વામી વિવેકાનંદના પ્રેરણાત્મક વાક્યો શોધે, લખે અને મિત્રને ભેટમાં આપશે.

૨. વિદ્યાર્થીઓ સ્વયં કરે.



# 4 નવરાત્રી

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ નવરાત્રી કયા દેવીની ઉપાસનાનો તહેવાર છે ?**

જ.૧ નવરાત્રી માતા દુર્ગાની ઉપાસનાનો તહેવાર છે.

**પ્ર.૨ નવરાત્રી કેટલા દિવસ સુધી ઉજવવામાં આવે છે ?**

જ.૨ નવરાત્રી નવ (૯) દિવસ સુધી ઉજવવામાં આવે છે.

**પ્ર.૩ વિજયાદશમી ક્યારે આવે છે ?**

જ.૩ વિજયાદશમી નવરાત્રીના ૯ દિવસ પછી દસમા દિવસે આવે છે તે આસો મહિનાના શુક્લપક્ષની દસમને દિવસે આવે છે.

### લિખિત

૧. **પ્ર.૧ કયા અસુરનો વધ માતા દુર્ગાએ કર્યો હતો ?**

જ.૧ માતા દુર્ગાએ મહિષાસુરનો વધ કર્યો હતો.

**પ્ર.૨ માતા દુર્ગાની ઉત્પત્તિ કરનાર કોણ હતું ?**

જ.૨ બ્રહ્મા, વિષ્ણુ અને શિવની શક્તિના સમન્વયથી માતા દુર્ગાની ઉત્પત્તિ થઈ હતી.

**પ્ર.૩ ગુજરાતનું કયું નૃત્ય પ્રખ્યાત છે ?**

જ.૩ ગુજરાતનું ગરબાનું નૃત્ય પ્રખ્યાત છે.

**પ્ર.૪ ભગવાન રામે રાવણનો વધ શા માટે કર્યો હતો ?**

જ.૩ ભગવાન રામના પત્ની માતા સીતાનું રાવણે અપહરણ કર્યું હતું. તેથી ભગવાન રામે તેનો વધ કર્યો

હતો.

૨. **યોગ્ય શબ્દ પસંદ કરીને રિક્તસ્થાનોની પૂર્તિ કરો.**

(અશ્વિન, શિવ, હિંદુ, નવ, રાવણ)

૧. નવરાત્રી ····હિંદુ···· ઓનો તહેવાર છે.

૨. મહિષાસુરે ભગવાન ····શિવ···· ની આરાધના કરી હતી.

૩. ગુજરાતી લોકો ····નવ···· દિવસ સુધી ગરબા રમે છે.

૪. નવરાત્રી ····અશ્વિન···· મહિનામાં આવે છે.

૫. દશેરાના દિવસે ····રાવણ···· ના પૂતળાનું દહન કરવામાં આવે છે.

૩. **નીચે દર્શાવાયેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ✓ ની નિશાની કરો.**

**૧. નવરાત્રી કયા મહિનામાં આવતો તહેવાર છે ?**

☐ મહા ☐ ફાગણ ☑ અશ્વિન ☐ કાર્તિક

**૨. ભગવાન રામે લડાઈમાં કયા અસુરનો વધ કર્યો ?**

☐ મહિષાસુર ☑ રાવણ ☐ બકાસુર ☐ વિભિષણ

**૩. વિજયાદશમીને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે ?**

☐ વસંતપંચમી ☐ ઉત્તરાયણ ☐ બીહુ ☑ દશેરા

**૪. ગુજરાતનું કયું નૃત્ય નવરાત્રી દરમિયાન લોકપ્રિય છે ?**

☐ ભરતનાટ્યમ્ ☑ ગરબા ☐ જન્માષ્ટમી ☐ કથ્થકલી

## મૂલ્યવર્ધક પ્રશ્ન.

જ. આપણે હંમેશાં શા માટે ધર્મનું પાલન કરવું જોઈએ.

ધર્મનું પાલન એટલે કે ઈશ્વરે બતાવેલા રસ્તાનું પાલન.
ધર્મનું પાલન એટલે કે સત્યનો માર્ગ.
ધર્મનું પાલન એટલે કે જીવનની સાર્થકતા.
અધર્મનો ત્યાગ કરી આપણે હંમેશાં ધર્મનું પાલન કરવું જોઈએ.

## ભાષાજ્ઞાન

૧. **નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| શ્રદ્ધા | ···વિશ્વાસ··· | વિવિધ | ···અનેકવિધ··· |
| સમન્વય | ···સંગમ··· | અસુર | ···રાક્ષસ··· |
| સંધ્યા | ···સાંજ··· | આનંદ | ···ખુશી··· |
| પ્રિય | ···ગમતું··· | વિજય | ···જીત··· |

આરોગવું ···જમવું/ખાવું··· પ્રતીક ···ચિહ્ન···

**૨. નીચેના વાક્યો સુધારીને લખો.**

૧. નવરાત્રી ગુજરાતની પ્રજાનું પ્રિય તહેવાર છે.

···નવરાત્રી··ગુજરાતની··પ્રજાનો··પ્રિય··તહેવાર··છે.···

૨. માતા દુર્ગાએ મહિષાસુરની વધ કરી હતી.

···માતા··દુર્ગાએ··મહિષાસુરનો··વધ··કર્યો··હતો.···

૩. રાવણ નામના દાનવે માતા સીતાનો અપહરણ કર્યું હતું.

···રાવણ··નામના··દાનવે··માતા··સીતાનું··અપહરણ··કર્યું··હતું.···

૪. રાસ-ગરબા નૃત્યની પ્રકાર છે.

···રાસ-ગરબા··નૃત્યનો··પ્રકાર··છે.···

(Creative Activities)